## વડીલોને વંદન અભિનંદન



મંજુલાબેન જયંતિલાલ રાવલ
(૧૯૪૨)ફોનઃ ૨૩૨૪૯૬૮૭



વીણાબેન એ. શાહ
(૧૯૪૮)ફોનઃ ૨૩૨૨૬૭૦૪



પ્રતાપસિંહજી સોલંકી
મો.૯૮૯૮૩૩૩૯૩૬


# વિશ્વ આરોગ્ય દિને રાજ્યમાં વિવિધ જનહિત કાર્યક્રમોનું લોંચીંગ કરાયું

ગાંધીનગર, તા.૭
મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે તંદુરસ્ત-સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે સર્વગ્રાહી આરોગ્યલક્ષી કાર્યક્રમો હોલિસ્ટીક એપ્રોચથી ઉપાડવાનું આહ્‌વાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આપણું લક્ષ્ય રોગ ઉદભવે જ નહિં તેવી શ્રેષ્ઠતમ સ્થિતી ઉભી કરવાનું હોવું જોઈએ. સમાજના છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓનો વ્યાપ વિસ્તારીને તથા આરોગ્ય માવજતની જનજાગૃતિ લાવીને આ લક્ષ્ય સિધ્ધ થઇ શકશે.

મુખ્યમંત્રીશ્રીએ આજે વિશ્વ આરોગ્ય દિન અવસરે રાજ્યના આરોગ્ય વિભાગના ઉપક્રમે વિવિધ આરોગ્યલક્ષી જનહિત કાર્યક્રમોનું લોન્ચીંગ કર્યું હતું.

શ્રીમતી આનંદી બહેને કહયું કે, ગુજરાતમાં આ કાર્યક્રમો વ્યાપક રીતે શરૂ થતાં પૂર્વે ૯ જિલ્લાઓમાં ૯૭ હજાર વ્યક્તિઓનું આવું સ્ક્રીનીંગ થયું છે. તેમણે વહેલું નિદાન, સઘન સારવાર અને જનજાગૃતિના ત્રિવિધ વ્યૂહથી ગંભીરતમ રોગ થતાં પહેલાં જ રોકવાની આરોગ્ય વિભાગની સેવા પ્રતિબધ્ધતામાં રાજ્ય સરકારના અન્ય વિભાગો પણ સંકલન કરી સર્વગ્રાહી આરોગ્ય માવજતમાં જોડાય તેવી પ્રેરક અપિલ કરી હતી. તેમણે આ માટે શાળાના બાળકોના આરોગ્યનો તથા આંગણવાડીના કૂપોષિત બાળકોનો ડેટાબેઈઝ તૈયાર કરી આરોગ્ય વિભાગ તેમજ સંબંધિત વિભાગો આરોગ્યલક્ષી પગલાં સ્વૈચ્છિક સંગઠનો, સેવાભાવી તજજ્ઞ તબીબોના સહયોગથી લઈ શકે તેવું સૂચન કર્યું હતું.

શ્રીમતી આનંદીબહેને સ્વસ્થતા માટે સ્વચ્છતા અહેમ ગણાવતાં રોગચાળો-માંદગી ઉદભવે જ નહિં તે માટે ગંદકી જ ન થાય તેવા સમાજ વાતાવરણના નિર્માણની આવશ્યકતા સમજાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાગત પ્રસુતિમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા આરોગ્ય કેન્દ્રોના સેવા કર્મીઓને એવોર્ડઝ વિતરણ કર્યું હતું.

તેમણે ફાટેલા હોઠ-તાળવાની ખોડખાંપણવાળા બાળક જન્મે જ નહિ તે માટે માતાઓ-બહેનોની આરોગ્યની શ્રેષ્ઠ તપાસ - સારવાર, પૂરક પોષક આહાર આપવાની જરૂરિયાત સાથે વ્યસનની બદી દૂર કરવાના ઉપાયો યોજવા હ્રદયસ્પર્શી અપિલ કરી હતી. ક્લેફ્ટલીપ અને ક્લેફ્ટ પેલેટની ઓપરેશન સારવાર માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આ અવસરે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સ્માઈલ ટ્રેઈન સંસ્થા સાથે એમ.ઓ.યુ. પણ કર્યા હતા.

# મોડાસા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પદે અરૂણ પટેલ ચૂંટાયા

## સંઘની સ્થાપના બાદ પ્રથમવાર ચૂંટણી યોજાઈ

મોડાસા, તા. ૭
અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના તાલુકા ખરીદ વેચાણ સંઘની સ્થાપનાને ૫૦ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી તાલુકા ખરીદ વેચાણ સંઘના સદસ્યો આંતરીક ક્લેહથી બિનહરીફ વરણી કરતા હતા.ત્યારે ચાલુ વર્ષે સંઘના ઈતિહાસમાં પહેલીવાર ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે બે બે ઉમેદવારી પત્રો ભરતાં મોડાસા તા. સંઘમાં બિનહરીફના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા હતા. જેથી આખો દિવસ મોડાસા તાલુકામાં રાજકીય ડ્રામા સર્જાયો હતો.



[redacted]

મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘમાં થોડો સમય પહેલા ૧૮ સભ્યોની નિમણૂંક થઈ હતી. અને રાજકીય પક્ષોની છાપને અભેરાઈએ ચઢાવી સંઘમાં સત્તા હાંસલ કરવા ખભેખભા મિલાવ્યા હતા. સંઘના ચેરમેન અને વાઈસ ચેરમેનની ખુરશી માટે બે બે ફોર્મ ભરાતા રાજકીય ગમરાવો છવાયો હતો અને આખરે ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રાંત અધિકારી આચાર્ય આનંદના અધ્યક્ષસ્થાન હેઠળ ચૂંટણી યોજાઈ હતી.જેમાં ચેરમેનની ચૂંટણીમાં અરૂણભાઈ વી. પટેલ અને નટુભાઈ જે. પટેલે ઉમેદવારી કરી હતી. જેમાં અરૂણભાઈ બી. પટેલ (અરવલ્લી જિલ્લા પંચાયત વિરોધ પક્ષના) નેતાને ૧૪ મત મળતાં ભવ્ય વિજય થયો હતો જ્યારે હરિફ ઉમેદવાર નટુભાઈને ફક્ત ૩ જ વોટ મળતાં હારનો સામનો કરવો પડ્યો હતો.જ્યારે વાઈસ ચેરમેન પદની ચૂંટણીમાં ભગાભાઈ પટેલ અને ભીખાભાઈ પટેલે ઉમેદવારી કરી હતી. જેમાં ભગાભાઈ પટેલે (ખંભીસર) ૧૩ મત મળતા ભવ્ય વિજય થયો હતો,જ્યારે ભીખાભાઈ પટેલને ૪ જ મત મળતાં હારનો સામનો કરવો પડ્યો હતો.

મોડાસા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી યોજાવાની જાણ થતાં મોડાસા તાલુકાના સહકારી માળખા સાથે સંકળાયેલા આગેવાનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અને ચૂંટણીની પ્રક્રિયા શરૂ થતાં જ ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે કોણ વિજય પ્રાપ્ત કરે છે તેની રાહ જોતા ઉત્તેજના સભર દશ્યો જોવા મળ્યા હતા.

# મેઘરજમાં બે માર્ગ અકસ્માતમાં એકનું મોત : અન્ય એક બાઈકસવાર ઘાયલ

મોડાસા, તા. ૭
અરવલ્લી જિલ્લાના મેઘરજ શહેરમાં ગઈકાલે સાંજના સુમારે સાબરકાંઠા બેન્ક નજીક ટ્રેક્ટરે બાઈક ચાલકને અડફેટે લેતાં ગંભીર રીતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

મેઘરજ શહેરમાં સોમવારે બપોરે શ્રી તિરૂપતિ કુરીયરમાં ફરજ બજાવતા મૂળ ઈપલોડાના અને ઈપલોડા ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતમાં યુવાનનું મોત નિપજતાં મેઘરજના પી.એસ.આઈ. મોડિયાએ ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો



(તસવીર : જય અમીન, મોડાસા)

ઘાયલ બાઈકચાલકનું પ્રાથમિક સારવાર દરમ્યાન મોત નિપજતાં મેઘરજમાં ગમગીની છવાઈ હતી. જ્યારે અન્ય એક અકસ્માતમાં મેઘરજના મજૂરીકામ કરી પરત ફરી રહેલા રાહદારીને નાગરીક બેંક નજીક મોટરસાઈકલને ટક્કર મારતાં ઈજાગ્રસ્ત રાહદારીને તાત્કાલિક મેઘરજ નગરમાં રહેતા મહેન્દ્રભાઈ વણકર કુરીયર કંપનીના કામકાજ અર્થે સાબરકાંઠા બેંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પુર ઝડપે પસાર થઈ રહેલા ટ્રેક્ટરના ચાલકે બાઈક સવારને અડફેટે લેતાં બાઈકચાલક બાઈક પરથી પછડાઈને ટ્રેક્ટરની ટોલીના પાછળના ટાયરમાં આવી જતા મહેન્દ્રભાઈના શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાકીદે ૧૦૮ દ્વારા સારવાર અર્થે મોડાસા ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળતાં પહેલા યુવાનનું મોત નિપજ્યું હતું. તેમના કરૂણ મોતની જાણ નગરમાં થતાં મેઘરજમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક યુવાનને તેના માદરે વતન ઈપલોડા ગામમાં લઈ જતાં મૃતક યુવાનના પરિવારજનો અને સગાસંબંધીઓએ આક્રંદ કરી મુકતા નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં સોમવાર સાંજના સમયે મેઘરજના રહીસ અને મજૂરીકામ કરી પરત ફરી રહેલા મકરાણી મજીદભાઈને મેઘરજ નાગરિક બેંક આગળ એક મોટરસાયકલ ચાલકે યુવાન રાહદારીને જોરદાર ટક્કર મારતાં યુવાન ઈજાગ્રસ્ત બન્યો હતો.ત્યારે ઈજાગ્રસ્ત યુવાનને આજુબાજુના રહીશોએ દોડી આવી સારવાર અર્થે દવાખાનામાં ખસેડ્યો હતો. જ્યાં યુવાનની હાલત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ મેઘરજમાં બપોરના સમય બાદ બે અકસ્માતની ઘટના બનતા જેમાં એક યુવાનનું મોત નિપજતાં અને અન્ય એક રાહદારી ઘાયલ બનતા મેઘરજના પ્રજાજનોમાં શોક ફેલાયો હતો.

## એલજીમાં નર્સિંગ કર્મીઓ હડતાળ પર જતા મુશ્કેલી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલજી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફ પર દર્દીના પરિવારજનોએ હુમલોકરતા નર્સિંગ સ્ટાફ હડતાળ ઉપર ઉતરી ગયો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર એક દર્દીનું મોત થતા પરિવારજનોએ પોતાનો રોષ વોર્ડ બોય અને નર્સ પર ઠાલવી માર માર્યો. સ્ટાફ પર હુમલો થતા એલજી હોસ્પિટલમાં નર્સિંગનો સ્ટાફ હડતાળ ઉપર ઉતરી ગયો છે. જ્યાં સુધી આરોપીની ઘરપકડ નહીં થાય ત્યાં સુધી હડતાળ ચાલુ રખાશે.ઉપરાંત ગુરુવારથી વીએસ અને શારદાબેન હોસ્પિટલનો સ્ટાફ પણ હડતાળમાં જોડાશે.અત્રે નોંધનીય છે કે મ્યુનિસિપલ સંચાલિત હોસ્પિટલોમાં વારંવાર કોઈ ઘર્ષણોને લીધે સ્ટાફ હડતાળ ઉપર ઉતરી જાય છે. તેનાથી હોસ્પિટલમાં આવતા બીજા ઘણા લોકોને ભારે હાલાકીનો સામનો કરવા પડે છે. તેમજ દર્દીઓ હેરાન-પરેશાન પણ થઈ જાય છે. જો કે ગત ૨૬મીં માર્ચ ૨૦૧૫ના રોજ વીએસ હોસ્પિટલમાં નર્સ સ્ટાફ અને હોસ્પિટલના તંત્ર વચ્ચે વાટાઘાટો થતા વીએસ હોસ્પિટલમાં સ્ટાફ નર્સહડતાળ ઉપર ઉતરીગયા હતા.

## નગરપાલિકા પેટાચૂંટણીમાં ભાજપનો દબદબો યથાવત

ભાજપ પ્રદેશ પ્રવકત્તા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૧૯ એપ્રિલના રોજ યોજનારી મહાનગરપાલિકાની ૦૨ અને નગરપાલિકાની ૩૭ એમ કુલ ૩૯ બેઠકોની પેટાચૂંટણીના આજે ફોર્મ પાછા ખેચવાના દિવસે નગરપાલિકાની ૩૭ પૈકી ૧૧ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બિનહરીફ થયા છે. આ ૧૧ બેઠકોપૈકી ૧૦બેઠકો કોંગ્રેસની હતી અને ૦૧ બેઠકના સમતા પાર્ટીની હતી. એટલે કે તમામ ૧૧ બેઠકો ભાજપાની નહોતી તે ભાજપાએ બિનહરીફ પ્રાપ્ત કરેલ છે. ઘણા લાંબા વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો સામાન્ય ચૂંટણી હોય કે પેટા ચૂંટણી દબદબો યથાવત રહ્યો છે.

બિનહરીફ થયેલી બેઠકોમાં વડોદરા જીલ્લાની કરજણ નગરપાલિકાની ૦૪ બેઠક, કચ્છ જીલ્લાની ભચાઉ નગરપાલિકાની ૦૬ બેઠક અને જુનાગઢ જીલ્લાની કેશોદ નગરપાલિકાની ૦૧ બેઠકનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે કરજણ અને ભચઉ નગરપાલિકામાં ભાજપાના નિશાન ઉપર લડતા લઘુમતી સમાજના બે ઉમેદવારો બિનહરીફ થયા છે. ગુજરાતમાં શહેરોના વિકાસ માટે નરેન્દ્ર મોદી અને હાલના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા શહેરોના વિકાસ માટેની આગવા પ્રકારની પ્રક્રિય છેલ્લા એક દસકાથી પણ વધારે સમયથી સબળ રીતે હાથ ધરાયેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ગોકળ ગતિએ ચાલતુ ભુગર્ભ ગટરનું કામ

ડીસા શહેરના અનેક વિસ્તારમાં મંદ ગતિએ ચાલતું કામ માંડ પૂર્ણ થયા બાદ હવે રેલ્વે સ્ટેશન સહિત કેટલાક શ્રમજીવી વિસ્તારનો વારો આવ્યો છે. ડીસા શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ભુગર્ભ ગટરનું કામકાજ શરૂ કરાયું છે. પરંતુ આ કામ એકદમ ગોકળ ગતિએ ચાલતું હોવાથી લોકોની હાડમારીઓ વધી ગઈ છે. મુખ્ય માર્ગ પર આડેધડ ખોદકામ કરી દેવાયું છે. જેના કારણે ટેલિફોનના વાયર, પાણીના કનેક્શન કટ થઈ ગયા છે. મોટા ખાડા ખોદતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સવારથી લઈ મોડી રાત સુધી ઉડતી ધુળના કારણે વાહન ચાલકો રાહદારીઓ અને વેપારીઓને પરેશાન થવું પડે છે. ત્યારે આ વિસ્તારમાં વહેલી તકે ભુગર્ભ ગટરનું કામ પૂર્ણ કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

## બેંકો ધિરાણ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરોડ, ઉદ્યોગ ક્ષેદ્દે રૂ. ૨૨૯.૮૬ કરોડ તથા અન્ય પ્રાથમિકતા ક્ષેત્રે રૂ. ૭૫૦.૩૨ કરોડનો સમોશ થાય છે. જેમાં કુલ ૧૩૯૩૭૨ લાભાર્થીઓનો સમાવેશ થાય છે. કુલ પ્લાનમાં રૂ. ૧૩૧.૬૪ કરોડનું ધીરાણ ૧૩૦૫૦ જેટલી મહિલાઓને આપવામાં આવશે કુલ પ્રાથમિકતા ક્ષેત્રના ધિરાણમાં ખેતીવાડી ક્ષેત્રે ૮૦ ટકા ઉદ્યોગ ક્ષેત્રે ૮ ટકા તથા અન્ય પ્રાથમિકતા ક્ષેત્રે ૧૨ ટકા પ્રમાણેનો હિસ્સો રહ્યો છે. પ્રાથમિકતા ક્ષેત્રના પ્લાનમાં ગાંધીનગર તાલુકામાં રૂ. ૧૦૪૧.૭૭ કરોડ, દહેગામ તાલુકામાંરૂ. ૩૫૦.૨૬ કરોડ, માણસા તાલુકામાં રૂ. ૨૯૧.૭૧ કરોડ તથા કલોલ તાલુકામાં રૂ. ૫૦૬.૨૭ કરોડ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. લીડ બેંક દ્વારા રજૂ કરવામાં આવેલા ક્રેડિટ પ્લાનમાં ૩૬ બેંકોની ૨૮૭ શાખાઓ દ્વારા તૈયાર કરેલ પ્લાનનો સમાવેશ થાય છે જેને નીચલા સ્તરથી તૈયાર કરવામાં આવેલ છે.

## વેગવાન બનાવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા બાદ આગામી તા. ૩૧-૭-૨૦૧૫ સુધીમાં રાજયના તમામ શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્તના કાર્યક્રમો અંગેનું ટાઈમ ટેબલ તૈયાર કરીને કાર્યક્રમો હાથ ધરીને આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંગેની તૈયારીઓ શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી ઉભી ન થાય તે માટે બનાસકાંઠા, ભરૂચ અને કચ્છના રાપર ખાતે પમ્પીંગ સ્ટેશનોના કામો શરુ કરવામાં આવશે.

## જનમતનો વિજય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકો દ્વારા સામાન્ય બેઠકથી પ્રારંભાઈને બે માસથી સતત ચાલી રહેલા આ બિનરાજકીય અભિયાનમાં સરકારી વિભાગો, મહાનુભાવોને આવેદનપત્રો આપવા ઉપરાંત નિર્માણના સૂચિત સ્થળે વૃક્ષોને રક્ષાબંધન, કેન્ડલ માર્ચ, જાહેર સ્થળોએ વિશાળ હોર્ડીંગ્સ પર લોકહસ્તાક્ષર ઝુંબેશ, પોસ્ટકાર્ડ લેખન જેવા તબક્કાવાર આંદોલનાત્મક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પ્રચંડ સ્વયંભૂ લોકપ્રતિસાદ સાંપડતા આખરે સરકારે હકારાત્મક રૂપે પંચામૃત ભવન પ્રોજેક્ટ પડતો મૂકવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયને અભિયાનના અગ્રણીએ આવકારી નિર્માણસ્થળે વૃક્ષોને કંકુતિલક કરી વિજયના વધામણાં સાથે અભિયાન સ્થગિત રાખવાની જાહેરાત કરી હતી. આ સફળ અભિયાનમાં સતત કાર્યરત અગ્રણીઓ સર્વશ્રી અરૂણભાઈ બુચ, જૈનુલ પટેલ, જીજ્ઞેશભાઈ જોશી, અંજના નિમાવત, હસમુખભાઈ પટેલ, રાજન શાહ, શાંતિલાલ ઘોઘારી, નીતિન પટેલ, યોગેન્દુ ચૌહાણ, વિશેષ દરજી, પંકજ પટેલ અને હિમાંશુ ચોકસી, મયુર પારેખે આ સેવાકીય અભિયાનની સફળતા માટે સહયોગ આપનાર તમામ સંસ્થાઓ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ પ્રચાર માધ્યમો, નાગરિકો, પર્યાવરણ પ્રેમીઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી આ સફળતાને જનમતનો વિજય ગણાવ્યો છે.

## શબ્દાવલી - ૫૬૯૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| ■ | ૮ | | ૯ | ■ | ■ | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ■ |
| | ■ | ૧૫ | | | | | ■ |
| ૧૬ | | | ■ | ૧૭ | | | ૧૮ |
| | ■ | | ■ | ૧૯ | | ■ | |
| ■ | ■ | ■ | ૨૦ | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. ધીરજ, ધૈર્ય (૪)
૩. રવિ, ભાસ્કર (૩)
૬. જાસાચિઠ્ઠી (૨)
૭. વેદના સહિત (૪)
૮. યશવાળુ, કિર્તીવાળુ (૩)
૧૦. સર, તુણીર (૨)
૧૧. પ્રપંચ (૪)
૧૫. આરપાર દેખાય તેવું (૫)
૧૬. વર્તન, વર્તાવ (૩)
૧૭. ઉપયોગ, પ્રયોગ (૪)
૧૯. ગુનો, સત્ત્વ (૨)
૨૦. પોઝીશન, પોસ્ટ (૨)
૨૧. કાજળ, કજરા (૨)

### ઊભી ચાવી

૧. ધ્વજ (૨)
૨. રસોઇ કરનાર સ્ત્રી (૪)
૩. ઊંઘે, નિંદ્રા કરે (૨)
૪. બાતલ, કેન્સલ (૨)
૫. નનામી, ઠાઠડી (૩)
૯. એકરાર (૩)
૧૦. ધર્નુધર, તીર મારવામાં કુશળ(૪)
૧૨. ચર્ચા વિચારણા (૫)
૧૩. દર્શકો, પર્યટક (૪)
૧૪. પૂર્ણ અર્થ બતાવતો શબ્દ સમુહ(૩)
૧૫. પથરો (૩)
૧૮. ગણપતિ, ગજાનંદ (૩)

### શબ્દાવલી ૫૬૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાજુબંધ (૪) રાશી (૬) ધીરજ (૮) વન (૧૦) પાયમ (૧૧) શરારત (૧૩) કજરા (૧૫) નસ (૧૬) તાડપત્રી (૧૭) લીકવીડ (૨૦) માલામાલ (૨૧) શુકન (૨૩) જરા

**ઊભી ચાવી :-** (૧) બાલકિશન (૨) બંધીયાર (૩) ધરપત (૫) શીવ (૭) જમ (૯) નવરાત્રી (૧૨) રાસલીલા (૧૩) કડ (૧૪) જપ (૧૬) તાડ (૧૮) કમાન (૧૯) વીલ (૨૦) માળો (૨૧) શુરા (૨૨) નળ

## કંપની સમાચાર

### લેવી સ્ટ્રોસ એન્ડ કંપનીએ ૧ બિલિયન લિટર પાણીનો બચાવ કર્યો : એપરેલ પર નવા પર્યાવરણીય અસર અભ્યાસને રજૂ કર્યા

લેવી સ્ટ્રોસ એન્ડ કંપનીએ વર્ષ ૨૦૧૧થી તેની વોટરલેસ પ્રોસેસ દ્વારા એક બિલિયન લિટર પાણીનો બચાવ કર્યાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયાને કારણે ગારમેન્ટ ફિનિશિંગ પ્રક્રિયામાં સામાન્ય કરતાં ૯૬ ટકા ઓછા પાણીનો વપરાશ થાય છે. લેવી ટ્રોસ એન્ડ કંપનીએ પ્રોડક્ટ લાઈફસાયકલ એસેસમેન્ટનાં રજૂ કરેલાં અભ્યાસમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૦૭થી આ અભ્યાસ ચાલતો હતો. પાણીનો લઘુત્તમ વપરાશ અને બચાવ દ્વારા કંપની પર્યાવરણીય મિત્ર ઉત્પાદનો આપવામાં સફળ રહી છે.

કંપનીના અભ્યાસમાં જણાવાયું છે કે જીન્સની જોડી, કપાસની ખેતી અને ગ્રાહક વપરાશનાં જીવનકાળમાં સરેરાશ ૩૮૦૦ લિટર પાણીનો વપરાશ થાય છે. કંપની વધારે સારા કોટનનાં પગલા માટે પણ કાર્યરત છે, જેમાં કપાસનું વાવેતર કરતાં ખેડૂતો ઓછામાં ઓછો પાણીનો વપરાશ કરી શકે. વર્ષ ૨૦૨૦ સુધીમાં લેવી સ્ટ્રોસ એન્ડ કંપની પોતાની બ્રાન્ડસ પાણીનો ઓછામાં ઓછો વપરાશ થાય તેવી ટેકનોલોજી વિકસાવીને પર્યાવરણની જાળવણી માટે પ્રતિબદ્ધ છે.

### ઓડી ઈન્ડિયાએ 'નંબર વન'ની સ્થિતિ જાળવી

#### નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૧,૨૯૨ યુનિટસનું વેચાણ

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતમાં તેની નંબર વનની સ્થિતિ સતત બીજા વર્ષે પણ જાળવી રાખી છે. એપ્રિલ ૨૦૧૪થી માર્ચ ૨૦૧૫નાં સમયગાળામાં ૧૧.૫૨ ટકાના વૃદ્ધિ દર સાથે ૧૧,૨૯૨ યુનિટસનું સર્વાધિક વેચાણ નોંધાવ્યું હતું.

ઓડી ઈન્ડિયાનાં અધ્યક્ષ શ્રી જો કિંગે જણાવ્યું હતું કે, 'ભારતનાં લકઝરી કાલ બજારમાં સતત બીજા વર્ષે પણ નંબરવનની સ્થિતિ જાળવી રાખતાં અમને આનંદ થાય છે. અમે નવા નાણાંકીય વર્ષમાં વધારે સારા કામકાજની આશા રાખીએ છીએ, જેમાં ઓડી ટીટી અને ઓડી કયુ૩ મોડલે રજુ કરવામાં આવશે.'

નવા નાણાંકીય વર્ષમાં ઓડીએ તેનાં સૌથી વધુ શકિતશાળી મોડલ ઓડી આર૮એલએમએકસની મર્યાદીત આવૃત્તિની રજુઆત કરી છે.

### કેફે કોફી ડે ઉનાળામાં તાજગી આપતી નવી રજૂઆત કરે છે : સમર સ્લેમ

#### નવી રજૂઆતમાં સ્વાદ અને ફ્લેવરમાં ઉત્તમ ઠંડી સ્મૂધીઝ અને સ્લશીસનો સમાવેશ

ઉનાળો ફરી પાછો આવી ગયો છે. આવા સંજોગોમાં યુવાનો માટે વધતું તાપમાન સ્વાદિષ્ટ ઠંડુ ઠંડુ, તાજગીપૂર્ણ પીણું માણવાનું અને નવી ઊર્જા ભરવાનું મન ન થાય તો જ નવાઈ છે. આ પ્રવાહને ધ્યાનમાં રાખતાં યુવા બ્રાન્ડ કેફે કોફી ડે (સીસીડી) ઉનાળામાં તાજગી આપતું નવું પીણું સમર સ્લેમ લઈને આવી છે. આ મોંમાંથી પાણી લાવી દેનારી અજોડ ફલેવર અને સ્વાદ સાથેની ઠંડી ઠંડી સ્મૂધીઝ અને સ્લશીસ યુવા ગ્રાહકોમાં ગજબની બળશક્તિ જગાવે છે.

સ્મૂધીઝની શ્રેણી ક્રીમી કોન્કોકશન સાથે એ રીતે તૈયાર કરાઈ છે કે જેમાં મુખ્ય સામગ્રી બટાકાના આકારમાં ટુકડામાં એ રીતે સમાવવામાં આવી છે કે તેનું સેવન કરતાં જ બેજોડ સ્વાદ મળે છે અને વધુ સેવન કરવાની ઈચ્છા ઉદ્‌ભવે છે. રસમલાઈ સ્મૂધી શાહી ભારતીય મીઠાઈ છે, જે સમૃદ્ધ ક્રીમી પીણું છે. તેમાં બદામની ફ્લેવર છે, જે રસગુલ્લાનું બટકું ભરતાં જ મહેસૂસ થાય છે. સ્ટ્રોબેરી પોમગ્રેનેટ સ્મૂધી એ ટ્રોબેરી અને પોમગ્રેનેટડનું સ્વાદિષ્ટ ઠંડુ ક્રીમ મિશ્રણ છે. મેંગો પીચ સ્મૂધી ફળોના રાજાનું ઉત્તમ પીચ સાથે સંમિશ્રણ છે, જે ફળ ખાવાની ઘેરી ભૂખને સંતોખવાની ખાતરી રાખે છે.

સ્લશ પ્રકારમાં રસદાર ટ્રોપિકલ ફ્લેવર્સ છે, જે વધુ સેવન કરવાની ઈચ્છા પ્રગટાવે છે. સ્ટ્રોબેરી બ્લાસ્ટ સ્લશમાં પોમગ્રેનેટની સારપ સાથે સ્ટ્રોબેરીનું સંમિશ્રણ છે, જે ઠંડુ ઠંડુ માણવાની મજા આવી જાય છે. અજોડ ટ્રોપિકલ સ્પાઈસ સ્લશ જેલપિનોઝથી ટ્રોપિકલ ફ્રૂટ ગ્રેનિટાનું સુંદર સંમિશ્રણ છે. પિંક લેમોનેડ સ્લશ એ લેમોનેડની પુનઃ શોધ છે. મીઠું અને ટેન્ગી તે ગુલાબી ગ્રેપ ફ્રૂટની સારપથી સમૃદ્ધ છે.

આ નવી રજૂઆતો વિશે બોલતાં કોફી ડેના માર્કેટિંગના ગ્રુપ પ્રેસિડેન્ટ બિદિશા નાગરાજ કહે છે, તાપમાન વધશે તેમ તાજગી માટે તરસ વધુ તીવ્ર બનશે. યુવાનો આવા સંજોગોમાં મોજીલી, સ્વાદિષ્ટ અને તાત્કાલિક ઠંડક આપે તેવું પીણું શોધતા હોય છે. અમારી નવી ઓફર સમર સ્લેમ તે માટે અનુકૂળ છે, જે ઠંડક મહેસૂસ કરાવવા સાથે અજોડ અને તાજગીપૂર્ણ સંયોજનો અને ફ્લેવર્સમાં સ્મૂધીઝ અને સ્લશીસની સ્વાદિષ્ટ શ્રેણી તરસને તૃપ્ત કરે છે. અમને ખાતરી છે કે યુવાનોને તે માણવાની બહુ મજા આવશે. આ ઠંડુ પીણું સમર સ્લેમની શ્રેણી દેશભરમાં સર્વ સીસીડી આઉટલેટ્સમાં મળશે.